# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો.બો. નંબરઃ ૧૦,
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦ (ગુજરાત)
નેક એક્રેડિએશન ગ્રેડઃ નએસ્ત્ર (૧૦-૦૧-૨૦૨૩ થી ૦૯-૦૧-૨૦૨૮)

પીएम-उषा PM-USHA

ફોન: ૦૨૬૯૨-૨૨૬૮૦૮/૮૫; **ઈ-મેલ**: exam_spu@spuvvn.edu; **વેબસાઈટ**: www.spuvvn.edu


**પરીક્ષા વિભાગ**

## અગત્યનો પરિપત્ર

**વિષય : સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની પરીક્ષાનાં પરીક્ષા ફોર્મ ઓનલાઇન પોર્ટલ પર ABC ID વગર ભરવા બાબત.**

ઉપરોક્ત વિષયનાં અનુસંધાનમાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ/વિભાગનાં વડાશ્રીઓ/ઇન્સ્ટીટ્યુશનના નિયામકશ્રીને જણાવવાનું કે, **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦** અનુસાર યુનિવર્સિટીનાં તમામ વિદ્યાર્થીઓની માર્કશીટ **એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ (ABC)** નાં પોર્ટલ પર અપલોડ કરવાની હોવાથી વર્ષ ૨૦૨૧-૨૨ **અને ત્યારબાદ** ના આપની કોલેજ/વિભાગમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની એકેડેમિક બેંક ઓફ ક્રેડિટ આઇડી ABC ID જો બાકી હોય તો તારીખ : ૧૪/૦૮/૨૦૨૬ સુધીમાં ફરજીયાત પણે બનાવવા માટે જણાવેલ હતું અને ભવિષ્યમાં આવનાર દરેક પરીક્ષાનાં ફોર્મ **ABC ID** વગર ભરી શકાશે નહિ તે પણ જણાવેલ હતું.

યુનિવર્સિટી સંલગ્ન વિભાગો/કોલેજો દ્વારા સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ કેટલાક વિદ્યાર્થીઓના ABC ID બનાવવામાં મુશ્કેલી પડતી હોઇ તેવા વિદ્યાર્થીઓનાં ઓક્ટોબર/નવેમ્બર/ડિસેમ્બર-૨૦૨૬માં લેવાનારી પરીક્ષાનાં ફોર્મ ABC ID વગર ભરી શકાય તેવી વ્યવસ્થા કરી આપવા રજૂઆત કરવામાં આવેલ હોય, **કુલપતિશ્રી દ્વારા વિદ્યાર્થીનાં હિતને ધ્યાને રાખી હાલની પરીક્ષા પુરતું, એટલે કે ઓક્ટોબર/નવેમ્બર/ડિસેમ્બર-૨૦૨૬નાં વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ ABC ID વગર ભરી શકાય તેવી છુટછાટ આપવાની મંજૂરી આપેલ છે. આથી ઓક્ટોબર/નવેમ્બર/ડિસેમ્બર-૨૦૨૬નાં વિદ્યાર્થીઓનાં પરીક્ષાનાં ફોર્મ ABC ID વગર ભરી શકાય તેના માટે છુટછાટ આપવામાં આવે છે.**

વધુમાં જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ભરવાનું બાકી રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થી/કોલેજ/વિભાગની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

ઉપરોક્ત બાબતનાં અનુસંધાનમાં એકેડેમિક વર્ષ ૨૦૨૬-૨૭ માં આવનારી **માર્ચ/એપ્રિલ-૨૦૨૭ની** પરીક્ષા તેમજ ત્યારબાદ આવનાર ભવિષ્યની તમામ યુનિવર્સિટી પરીક્ષાના ફોર્મ સાથે ABC ID ની વિગત ફરજીયાત પણે આપવાની રહેશે અને ABC ID વગર કોઇપણ વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ કોઇપણ સંજોગોમાં ભરી શકાશે નહિ.

**નોંધ.** શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ થી વર્ષ ૨૦૨૬-૨૭માં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓનાં ABC ID ફરજીયાત બનાવવાનાં રહેશે, જેની ખાસ નોંધ લેવી.

નંબર/ઈ-૩/ 1837
વલ્લભ વિદ્યાનગર
તારીખ : 09/10/26

કુલસચિવ

નકલ સવિનય રવાના:

(૧) ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર.

(૨) કોલેજના આચાર્યશ્રીઓ/વિભાગનાં વડાશ્રીઓ/ઇન્સ્ટીટ્યુશનના નિયામકશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.



Z:\exam\GUJARATI LATTER-2016\Shree Lipi\2026\Panpatra-2026\October-2026.docx